Page No.
Date / /

Name :- Chauhan Rinkuba Gajendrasinh

Sub :- Banking and finance

Sem :- Coc - 1

Roll No :- 183

Prn No :- Coc 2025183

Paper Code :- MJ - B AF - 101

College Name :- Shree R. R. Lalan College

Student's Sign :- Rinkuba

Rinkuba



[1] વિવિધ પ્રકારના ગ્રાહકો વિશે વિસ્તૃત નોંધ લખો.

બેંકિંગ ક્ષેત્રમાં ગ્રાહકોને તેમની જરૂરિયાત, વ્યવહારની પ્રકૃતિ અને સેવાઓના ઉપયોગના આધારે વિવિધ પ્રકારોમાં વર્ગીકૃત કરવામાં આવે છે. જે નીચે મુજબ છે:

1 <u>નાના ગ્રાહકો</u>

• નાના ગ્રાહકો કોણ છે ?

-> ભારતમાં 18 વર્ષથી નાની ઉંમરની વ્યક્તિને કાયદા હેઠળ "નાના" કહેવામાં આવે છે. [Indian majority Act, 1875 અને Indian Contract Act, 1872 ની કલમ 11 પ્રમાણે]

-> નાના વ્યક્તિ પોતાના નામે કરાર કરી શકતા નથી, એટલે બેંક ખાતુ પણ પોતાના નામે એકલા ચલાવી શકતા નથી.

• નાના ગ્રાહકોનું બેંક ખાતુ કેવી રીતે ખોલાય ?

-> ખાતુ નાના ના નામે ખોલાય પણ તેના માતા-પિતા કે કોઈ દ્વારા નિમાયેલા ગાર્ડિયન ની સાથે ખોલવુ પડે.

-> ખાતાનું નામ આ રીતે લખાય :
"Mr. Rahul Shah (minor) by gardian mrs Parvatiben Shah"

Rinkuba



• 18 વર્ષ પૂરા થાય ત્યારે શું થાય?

-> ત્યારે બેંક તેને પત્ર લખે છે કે "હવે તમે પુખ્ત થયા છો, નવુ KYC કરાવો."
-> નવી સહી આપવી પડે.
-> જૂનુ ખાતુ બંધ કરીને નવુ ખાતુ ખોલવામાં આવે અથવા જૂનુ ખાતુ જ પુખ્ત ખાતામાં ફેરવાય. અને હવે ગાર્ડિયનની જરૂર નથી.

• મહત્વના નિયમો

-> નાના ગ્રાહકો પોતે લોન ન લઈ શકે.
-> નાના ગ્રાહકો નોમિની તો બની શકે છે, પણ પૈસા 18 વર્ષ પછી જ મળે.
-> નાના ગ્રાહકો લોન આપવાની ગેરંટી આપી શકતા નથી.

2. <u>અભણ ગ્રાહકો</u>

• અભણ વ્યક્તિ કોણ છે?

-> જે વ્યક્તિ વાંચી-લખી શકતા નથી અને પોતાનુ નામ પણ લખી શકતા નથી, તેને બેન્કિંગમાં 'અભણ વ્યક્તિ' કહેવાય. આવી વ્યક્તિ સહી કરવાના બદલે આંગળીનો ઠેપો આપે છે.

• આંગળીના છાપના નિયમો [RBI અને બેન્કો ના નિયમ પ્રમાણે]

-> પુરુષ -> ડાબા હાથનો અંગૂઠો

-> સ્ત્રી -> જમણા હાથનો અંગૂઠો

-> છાપુ લીધા પછી બેન્ક કર્મચારી લખે છે : "LTI of Shri Rambhai Patel" અથવા RTI of Smt. Kantaben Desai".

• ખાતુ ખોલવાની પ્રક્રિયા

-> ફોટો જરૂરી (ખાતુ ખોલવાના ફોર્મ પર અને SS card પર)

-> ઓછામાં ઓછા 2 સાક્ષીઓ જરૂરી જે લખતા વાંચતા હોય

-> વિડીઓ KYC પણ કરાવી શકાય (હવે ઘણી બેન્કોમા ફરજિયાત)

## 3. અંધ ગ્રાહકો

-> અભણ વ્યક્તિની થી વિપરીત અહીંયા - અંધ વ્યક્તિ ને બેન્કમાં સંપુર્ણ સ્વતંત્ર ગ્રાહક માનવા માં આવે છે, કારણ કે :

-> તે લખી-વાંચી શકે છે. (બ્રેઈલ માં)

-> તે લખી ને સહી કરી શકે છે (પોતાની નિયમીત)

Rinkuba



-> કાયદા હેઠળ તેની ક્ષમતા પૂર્ણ છે.
-> RBI ની સૂચના છે: "અંધ વ્યક્તિઓ સ્વતંત્ર રીતે એક ખાતા ખોલવા અને ચલાવવા માટે સંપૂર્ણ સક્ષમ છે.

• ખાતુ ખોલવાની પ્રક્રિયા

-> સામાન્ય ગ્રાહક જેવુ જ ફોર્મ ભરાય છે
-> સહી પોતે જ કરે છે (જેવી રોજ કરતા હોય)
-> ફોટો અને KYC નોર્મલ
-> જો વ્યક્તિ બ્રેઈલ જાણતો હોય તો બ્રેઈલ ફોર્મ આપવામાં આવે. [SBI, PNB, BOB જેવી બેન્કોમાં ઉપલબ્ધ]

ઉદાહરણ - 55 વર્ષના શાંતાબેન (અંધ મહિલા) SBI માં FD કરાવે છે -> પોતે જ સહી કરે છે. -> તેમની પાસબુક બ્રેઈલમાં છપાવી આપવામાં આવે છે. -> વ્યાજ ના પૈસા તેમના ખાતામાં આવે છે. તેઓ રોકડ ATM માંથી ઉપાડે છે.

## 4. પરણિત મહિલા ગ્રાહક

આજે પરણિત મહિલા 100% સ્વતંત્ર ગ્રાહક છે. તે પોતાના નામે ખાતુ ખોલાવે, ચલાવે, લોકર, લોન લઈ શકે - બધુ જ પતિની પરવાનગી કે સહી ની જરૂર નથી.

Rinkuba



• ખાતુ કેવી રીતે લખાય છે? (વિકલ્પો)

→ આજે 95% મહિલાઓ પોતાના નામે જ ખાતુ ખોલાવે છે.

| ખાતાનું નામ લખવાની રીત | ઉદાહરણ | ક્યારે વપરાય છે? |
| --- | --- | --- |
| | | |
| માત્ર પોતાના નામે | Smt.Riya.P.Shah | સૌથી વધુ વપરાતુ |
| પતિના નામ સાથે (પરંપરાગત) | Smt. Riya W/o Pirav Shah | ગામડે કે જૂની મહિલાઓ પસંદ કરે |
| મંગળસૂત્ર નામ (કેટલીક જગ્યાએ) | Smt. Riya Pirav Shah | ગુજરાત-રાજસ્થાનમાં લોકપ્રિય |

ઉદાહરણ - બિઝનેસ વુમન રેખાબેન પોતાનો બ્યુટી પાર્લર ચલાવે છે. HDFC માં કરંટ ખાતુ + ₹ 20 લાખ ઓવરડ્રાફ્ટ લીધુ છે. → ખાતુ નામ : Rekhaben M. Desai (Proprietor)
→ ચેકબુક, નેટ બેંકિંગ, ડેબિટ કાર્ડ - બધુ પોતાના નામે

## 5. પાગલ / માનસિક રીતે અસ્વસ્થ ગ્રાહક

i) કાયદાકીય સ્થિતિ (ખૂબ મહત્વની)

→ ભારતીય કરાર કાયદો (Indian Contract Act

1872 - નિયમ 11 (કરાર) કહે છે:
જે વ્યક્તિ માનસિક રીતે સ્વસ્થ નથી અને વસ્તુની સમજ નથી, તે કરાર કરી શકતો નથી. એટલે તેના નામે બેન્ક ખાતુ એકલુ ચલાવી શકાય નહી અને નવુ ખાતુ પણ ખોલી શકાય નહી.

ii) બેન્ક ને જાણ થાય તો શુ થાય ?

-> જો બેન્કોને ખબર પડે કે ગ્રાહકો માનસિક રીતે અસ્વસ્થ છે, તો એક તરત જ ખાતુ બંધ કરી દે છે - ન તો જમા નતો ઉપાડ.

## 6. જોઈન્ટ ખાતુ અને તેના ધારકો

• જોઈન્ટ ખાતુ શુ છે ?

-> એક જ ખાતુ જેમા 2 કે તેથી વધુ વ્યક્તિઓ નુ નામ હોય છે અને તેઓ બધા માલિક હોય. સૌથી વધુ પતિ-પત્ની, માતા-પિતા દીકરી ભાઈ-બહેન-ભાઈ, બિઝનેસ પાર્ટનર વચ્ચે થાય છે.

• જોઈન્ટ ખાતાના 4 મુખ્ય પ્રકાર

1 E or S સૌથી વધુ પ્રચલિત -> બંનેમાંથી કોઈ એક પણ ચલાવી શકે -> મૃત્યુ પછી બાકીની વ્યક્તિને

Rinkuba



આવુ પાંચ મળી જાય છે.

2 Anyone or Survivor – બધા કે એક પણ → બધા કે એક પણ ચલાવી શકે → મૃત્યુ પછી બાકી રહેલા સર્વાઇવર ને મળે.

3 Jointly / Jointly operated – બધા એ સાથે મળીને બધાની સહી જરૂરી. (એક ઉપાડ માટે) → મૃત્યુ પછી પણ બધાની સહી જરૂરી.

4 Former or Survivor – પહેલી વ્યક્તિ મુખ્ય → માત્ર પહેલી વ્યક્તિ ચલાવે, બીજો નહીં. → મૃત્યુ પછી પહેલી વ્યક્તિ મરે તો બીજાને મળે.

- ઉદાહરણો

(i) પતિ-પત્ની (E or S) – કોઈ એક મરે તો બીજાને પૈસા મળે.

(ii) માતા (75 વર્ષ) + દિકરો (Former or Survivor) માતા જીવે ત્યા સુધી એકલા ચલાવે પછી દિકરાને

(iii) બે ભાઈઓનો બિઝનેસ (Jointly) – બંનેની સહી વગર કોઈ એક ન નીકળે (સુરક્ષા માટે)

(iv) દીકરી + પિતા (વિદેશ ગઈ દીકરી) A or S – દીકરી વિદેશમાં હોય તો પિતા ચલાવી શકે.

Rinkuba



## 7. પાર્ટનરશિપ ફર્મ ચાલક

i) પાર્ટનરશીપ ફર્મ શું છે ?

બે કે તેથી વધુ વ્યક્તિઓએ મળીને બિઝનેસ ચલાવવા માટે બનાવેલી સંસ્થા ભારત માં આ Indian Partnership Act 1932 હેઠળ આવે છે.

ii) બેંક માં ખાતુ કેવી રીતે ખોલાય ?

| ખાતાનું નામ કયા રહે | ઉદાહરણ |
|---|---|
| ફર્મના નામે | M/S. Shreeji Traders |
| અથવા | M/S. Patel brothers |

(M/S. = messers = પાર્ટનરશિપ ફર્મ ચિહ્ન)

- ખાતુ ખોલવા માટે જરૂરી દસ્તાવેજો (ફરજિયાત)

| દસ્તાવેજ | નોંધ |
|---|---|
| પાર્ટનરશિપ ડીડ | નોંધણી ફરજિયાત હોવી જોઈએ. |
| ફર્મનું Pan કાર્ડ | ફર્મના નામે જ હોવુ જોઈએ. |
| GST સર્ટિફિકેટ (જો લાગુ હોય) | |
| Shop Act / MSME / Udyam રજિસ્ટ્રેશન | |
| બધા પાર્ટનરનું kyc. (આધાર + Pan) | |

Authority Letter - કોણ ખાતુ ચલાવશે તે અંગેનુ હોવુ જોઈએ.

ફર્મની રજિસ્ટર્ડ ઓફિસનો પુરાવો — લાઇટબિલ / રેંટ એગ્રીમેન્ટ

## 8. હિન્દુ અવિભાજિત કુટુંબ ખાતું

• HUF [hindu Undivided family] શું છે?

→ હિન્દુ, શીખ, જૈન અને બૌદ્ધ કુટુંબ માટે જ છે.

→ એક સમગ્ર "કાનૂની વ્યક્તિ" માનવામાં આવે છે

→ આમાં પૈતૃક મિલકત + કુટુંબની કમાણી નો ઉમેરો થાય છે

→ ટેક્સ રિટર્ન અલગ ભરાય છે, Pan અલગ હોય છે

ખાતાનુ નામ લખાય છે
કર્તા (સૌથી મોટા પુરુષ)
નું નામ + (HUF)
અથવા

ઉદાહરણ
Shri Rajeshbhai M. Patel
(HUF)
Rajeshbhai M. Patel
(Karta) hindu undivided
family.

Pinkuba



• ખાતું ખોલવા માટે જરૂરી દસ્તાવેજ (જરૂરિયાત)

| દસ્તાવેજ | નોંધ |
|---|---|
| HUF નું PAN કાર્ડ | HUF ના નામે જ હોવું જોઈએ |
| HUF ડીડ | નોટરી કરાવેલ / સ્ટેમ્પ પેપર પર |
| કર્તાનું KYC (આધાર + PAN) | |
| બધા કોપાર્સનર્સની લિસ્ટ + જન્મ તારીખ | (કર્તા, પત્ની, દીકરા - દીકરીઓ, પૌત્ર - પૌત્રી) |
| કર્તાની ઘોષણા | કે તે કર્તા છે અને કુટુંબ અવિભાજિત છે. |
| બેંકનું પોતાનું HUF ફોર્મ | SBI, HDFC, ICIC, Axis વગેરે બેંકોમાં હોય છે. |